ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આખરી મતદાર યાદી

# ઓગષ્ટના ડ્રાફ્ટ રોલની તુલનામાં જિલ્લામાં બે મહિનામાં નવા ૧૫,૬૫૧ મતદારો નોંધાયા

**વિધાનસભાની ચૂંટણીમાં મતદારોની દૃષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર (દ) આ પછી ગાંધીનગર (ઉ) જ્યારે સૌથી નાનો વિસ્તાર દહેગામ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં ડ્રાફ્ટ રોલ મતદાર યાદીનો ઓગષ્ટમાં પ્રસિદ્ધ થયા પછી આજે જાહેર થયેલ આખરી મતદાર યાદીમાં ૧૫,૬૫૧ મતદારોના વધારા પછી કુલ મતદારો ૧૩,૨૫,૬૦૪ થયા છે.

ઓગષ્ટ-૨૨માં જે ડ્રાફ્ટ રોલ મતદાર યાદીનો પ્રસિદ્ધ કરવામાં આવ્યો તે પૂર્વે હાઉસ ટુ હાઉસ મતદાર વેરીફીકેશનને અંતે તેમાં ૧૦ હજાર જેટલા મતદારોનો ઘટાડો નોંધાયો હતો.

આજે મતદારયાદીની આખરી પ્રસિદ્ધિમાં ડ્રાફ્ટ રોલ-૨૨ની તુલનામાં ૧૫,૬૫૧નો વધારો થયો છે અને જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૩,૨૫,૬૦૪ પર પહોંચી છે.

ચૂંટણીપંચે ચાર તબક્કે મતદારયાદી પ્રસિદ્ધ કરવાના કરેલા નિર્ણય પછી વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે આજે આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરી છે. જેમાં ૬,૭૯,૨૧૨ પુરૂષ મતદારો અને ૬,૪૬,૩૪૩ મહિલા મતદારો તેમજ ૪૯ અન્ય મતદારો છે.

ડ્રાફ્ટ રોલ જે ઓગષ્ટ ૨૨માં પ્રસિદ્ધ થયો હતો તેની તુલનામાં સૌથી વધુ મતદારો ગાંધીનગર (દ)માં ૭૫૮૦ અને માણસામાં ૨૫૮૮ મતદારો, દહેગામમાં ૨૪૨૯ મતદારો, કલોલમાં ૧૫૩૧ અને સૌથી ઓછા ગાંધીનગર(ઉ)માં ૧૫૨૩ મતદારો વધ્યા છે.

મતદારોની દૃષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર (દ) બન્યો છે. જેમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૩,૭૧,૫૯૮ છે જેમાં ૧,૯૦,૯૨૭ પુરૂષ અને ૧,૮૦,૬૬૦ મહિલા તથા ૧૧ અન્ય મતદારો છે. આ પછી ગાંધીનગર (ઉ) વિધાનસભા મત વિસ્તાર આવે છે જેમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨,૫૩,૬૩૮ છે. જેમાં ૧,૨૯,૯૩૮ પુરૂષ મતદારો, ૧,૨૩,૭૩૯ મહિલા મતદારો અને અન્ય ૧૧ મતદારો છે.

કલોલમાં ૨,૪૮,૭૮૪ મતદારો નોંધાયેલા છે જેમાં ૧,૨૭,૭૯૫ પુરૂષ અને ૧,૨૦,૯૮૬ મહિલા મતદારો તેમજ ૩ અન્ય મતદારો નોંધાયેલા છે. માણસામાં ૨,૩૦,૮૪૭ મતદારો નોંધાયેલા છે જેમાં ૧,૧૮,૬૭૬ પુરૂષ મતદારો અને ૧,૧૨,૧૬૨ મહિલા મતદારો અને અન્ય ૯ મતદારો નોંધાયેલા છે.

મતદારોની દૃષ્ટિએ સૌથી નાનો મત વિસ્તાર દહેગામ છે જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨,૨૦,૬૮૭ છે. જેમાં ૧,૧૧,૮૭૬ પુરૂષ, ૧,૦૮,૭૯૬ મહિલા અને ૧૫ અન્ય મતદારો નોંધાયેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ૨૦૧૭ ચૂંટણી કરતાં ૨૦૨૨ની ચૂંટણી માટે ૧,૫૦,૦૧૦ મતદારો વધ્યા

ગુજરાત વિધાનસભાની ૨૦૧૭માં યોજાયેલ સામાન્ય ચૂંટણી કરતાં આગામી સામાન્ય ચૂંટણીમાં ૧,૫૦,૦૧૦ નવા મતદારો નોંધાયા છે.

છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ નવા મતદારો ગાંધીનગર (દ)માં ૬૬,૬૪૭ નોંધાયા છે. આ પછી કલોલ વિધાનસભા મત વિસ્તારમાં ૨૪,૬૫૭, ગાંધીનગર (ઉ)માં ૨૧,૩૧૩, દહેગામમાં ૧૯,૩૨૪ અને માણસામાં ૧૮૦૬૯ નવા મતદારો નોંધાયા છે.

૨૦૧૭ની સામાન્ય ચૂંટણીવેળાએ ૧૧,૭૫,૫૯૪ મતદારો નોંધાયેલા હતા. ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીવેળાએ ૧૨ લાખ ૫૦ હજાર કરતાં વધુ મતદારો હતા હવે ૨૦૨૨ની વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ૧૩,૨૫,૬૦૪ મતદારો નોંધાયેલા છે.

જિલ્લામાં મતદારો વધ્યા છે અને સાથે સાથે રાજકીય જાગૃત્તિ પણ વધી છે.

## વિધાનસભાની ચૂંટણી પુર્વે કામો પુરા કરવા તંત્ર એકશન મોડમાં

**મતદારોને સ્પર્શતા કામો તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કરાયું...**

ગુડા અને પાટનગર યોજના વિભાગમાં વિધાનસભાની ચૂંટણીની આચાર સંહિતા ચર્ચાનો વિષય છે જયારે સચિવાલયમાંથી વિવિધ યોજનાઓ સંબંધમાં પ્રગતિ અહેવાલો પણ મંગાવામાં આવી રહ્યા છે ચૂંટણી નજીકમાં હોવાથી લોકઉપયોગી એવા માળખાકીય સુવિધાના નવા કામ ચાલુ કરાવવા અને પુરા કરવા ગતિવિધિઓ તેજ બની છે

શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ કક્ષાએથી અનેકવિધ માળખાકીય સુવિધાના કામ હાથ ધરવામાં આવ્યા છે. કોરોના કાળ દરમિયાન જાહેર કરવામાં આવેલા કામ પૈકીના કામો પણ શરૂ થયા ના હતા . આ ઉપરાંત કોન્ટ્રાક્ટરોની હડતાલ , ક્વોરી ઉદ્યોગકારોની હડતાલ બાદ છેલ્લે સરકારી વિભાગોના કર્મચારીઓના આંદોલનોને લઈને વિકાસની વાતે અવળે પાટે ચઢી જવાથી સરકારની હાલત કફોડી બની છે. જો કે આંદોલનના મામલે હાલ સ્થિતિ સામાન્ય છે . ત્યારે ઉબડ ખાબડ માર્ગોને અનુલક્ષીને પણ નાગરિકોમાં ભારે રોષ ફેલાયેલો છે. તે સામાન્ય ચોમાસા દરમિયાન જ હતાં ન હતાં બનેલા રસ્તાઓના સમારકામ કરવા પર સચિવલયથી સૂચનાઓ આપવામાં આવી છે ઉપરાંત જાહેર સુવિધાના કામો જે દિવાળી સુધીમાં પુરા કરવા માટે આયોજન કરવામાં આવ્યા હતાં. તેમાના ઘણા કામ હજુ શરૂ જ થયાં નહીં હોવાથી અધિકારીઓ પણ ચિંતામાં છે

## નિફ્ટના પદવીદાન સમારોહમાં ૨૦૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ




ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ખાતેની નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી - નિફ્ટ ખાતે તાજેતરમાં પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૨૦૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓમાં ૧૫૭ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ જ્યારે ૪૩ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ચંદ્રકો તેમજ પ્રમાણપત્રો આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે મુખ્ય અતિથિ પદે કેન્દ્રીય કાપડ મંત્રાલય સચિવ ઉપેન્દ્ર પ્રસાદ સિંઘ ઉપસ્થિત રહ્યાં હતાં.

## શહેર-જિલ્લામાં કોરોનાના ૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૪ કેસ નોંધાયા છે. બે દિવસ બાદ ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના બે કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી રહી છે. જે સ્થિતિ કેસોની સંખ્યાને જોતાં લોકલ ટ્રાન્સમિશન સ્થિર થયુ હોય તેવુ મનાઈ રહ્યુ છે. શહેર-જિલ્લામાં કોરોનાના પ્રિકોશન ડોઝને નબળો પ્રતિસાદ મળી રહ્યો છે તેણે પણ તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના બે કેસ નોંધાયા છે. શહેરમાં સમાવિષ્ટ રાંદેસણ ગામમાંથી એક જ પરિવારમાંથી બે કેસ મળ્યા છે. એક મહિલા અને એક પુરૂષ દર્દી છે. શહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા બન્ને દર્દી લોકલ ટ્રાન્સમિશનને લઈ સંક્રમિત થયાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે. આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ આજે વધુ બે કેસ નોંધાયા છે. જિલ્લાના દહેગામ તાલુકામાં આ બે કેસ નોંધાયા છે. અંતરિયાળ ગામોમાંથી કેસ મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

દહેગામ તાલુકાના ઓતમપુરા ગામે ૨૭ વર્ષીય યુવાનનો અને ચેખલાપગી ગામે ૪૦ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં હાલ ૫૧૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

## પાણી-ગટર વેરા અન્વયે સે-૨૪ માં સૌથી વધુ ૪૧૧ બાકીદારોને નોટીસ

**શહેરમાં પાણી ગટર વેરાના બાકીદારોને નોટીસના અંતે દર બે દિવસે ૨૫ હજારની વસુલાત**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં પાણી ગટર વેરાની વસુલાત અન્વયે દર વર્ષે નબળુ ચિત્ર ઉપસી આવે છે. પાણી ગટરના વ્યવસ્થાપન પાછળ પ્રતિવર્ષ કરોડો રૂપિયા ખર્ચવામા આવે છે જયારે નજીવો વેરો ચુકવવામાં જોડાણકર્તાઓ નિરસતા સેવી રહ્યા છે. જેના લીધે તંત્ર દ્વારા શહેરના સેકટરોમાં અંદાજિત ૩ હજાર જેટલા બાકીદારોને નોટીસ આપવામાં આવી છે. જેમાં સે-૨૪ માં પાણી વેરો નહીં ભરનારની સંખ્યા વધુ છે. સેકટરમાં ૪૧૧ જેટલા બાકીદારોને નોટીસ આપવામાં આવી છે. બાકીદારોને નોટીસના અંતે તંત્ર દ્વારા પ્રતિ બે દિવસે અંદાજિત ૨૫ હજાર જેટલા વેરાની રીકવરી કરવામાં આવી રહી છે.

ગાંધીનગરમાં પાણી ગટરની સુવિધા પુરી પાડવા માટે સરકાર દ્વારા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે હાલ શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવા ખોદકામ પણ ચાલી રહ્યુ છે. શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત સેકટરોમાં ઉભરાતી ગટરની સમસ્યાને ડામવા માટે સાંકડી ગટર લાઈનના બદલે મોટા ડાયામીટરની ગટર લાઈન નાંખવા માટે પણ કામ ચાલી રહ્યુ છે. શહેરીજનો પાણી છુટથી વપરાશ કરે છે. ત્યારે પાણી નળમાં ફોર્સથી આવે તેવો આગ્રહ પણ રાખે છે. આ સ્થિતિ વચ્ચે નગરમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટેનો ખર્ચ પણ તોતિંગ છે. ત્યારે દરવર્ષે તંત્ર દ્વારા વસુલવામાં આવતા વેરની રકમ ચુકવવામાં પણ જોડાણકર્તાઓ નિરસતા દાખવે છે. ગાંધીનગરના નવા અને જુના સેકટરો ઉપરાંત સમાવિષ્ટ ગામોમાં પણ પાણી ગટર વેરા વસુલાત સંદર્ભે દર ફેબ્રઆરી મહીનામાં બીલનુ વિતરણ કરવામાં આવે છે. જયારે માર્ચ મહીનામાં વળતરના લાભ સાથે વેરો વસુલવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ગત માર્ચમાં હાથ ધરાયેલી ઝુંબેશના અંતે પણ માત્ર ૪૫ ટકા જ કામગીરી થઈ હતી જેના લીધે તંત્રએ બાકીદારો સામે આકરા પગલા લેવાનુ નક્કી કર્યુ હતુ. એકબાજુ તંત્રના ચોપડે વેરા વસુલાત ક્ષેત્રે જુના બાકીદારોનુ માંગણુ પણ મોટુ છે. ત્યારે દરવર્ષે નબળી વસુલાતના લીધે ઉધારીનો આંકડો પણ વધતો જાય છે. પાણી ગટર વેરાના બાકીદારો પાસેથી વેરો વસુલવા માટે તંત્ર દ્વારા અંદાજિત ૩ હજાર જેટલા જોડાણકર્તાઓને

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના શાસનાધિકારી તરીકે હેમાંગ ભટ્ટની નિયુક્તી કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર પ્રા. શિક્ષણના શાસનાધિકારી સુશ્રી કિરણબેન પટેલની બદલી ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે નાયબ જિલ્લા પ્રા.શિ. અધિકારી (પ્લાન) તરીકે કરવામાં આવી છે.

હેમાંગ ભટ્ટ જે પંચાયતમાં આ જગ્યાનો ચાર્જ સંભાળતા હતા તેમને ગાંધીનગર શહેર પ્રાથમિક શિક્ષણના શાસનાધિકારી તરીકે મુકવામાં આવ્યા છે.

## સે-૧૫ સાયન્સ કોલેજના રીનોવેશનનો પ્રોજેક્ટ નાણાંકીય જોગવાઈના અભાવે અટવાયો

**કોલેજની લેબોરેટરી , ધાબાનુ કામ તેમજ ટોઇલેટ બ્લોકના નવિનીકરણ માટે આયોજન કરવામાં આવ્યુ છે પરંતુ ખર્ચની જોગવાઇના અભાવે કામગીરી આગળ વધતી નથી**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે માળખાગત સુવિધાઓ અને વિકાસના અનેકવિધ પ્રોજેક્ટ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આમછતા શૈક્ષણિક સંકુલોની દરકાર લેવામાં ઉદાસીનતા સેવાઈ રહી હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. શહેરમાં ફાર્મસી કોલેજના નવા બિલ્ડીંગનુ બાંધકામ છેલ્લા ૬ મહીનાથી વર્ક ઓર્ડરના અંતે પણ હાથ ધરવામાં આવ્યુ નથી જયારે સે-૧૫ સાયન્સ કોલેજના રીનોવેશન માટે પણ હજુ સુધી નાણાંકીય જોગવાઈ થઈ નથી જેના લીધે આ કામ પણ અટવાયુ છે.

ગાંધીનગરમાં માર્ગ સુધારણા સહીત સ્માર્ટ સીટીના પ્રોજેક્ટ અન્વયે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. આ ઉપરાંત નવા આવાસો અને બિલ્ડીંગો બાંધવા માટે પણ બજેટમાં જોગવાઈ કરવામાં આવે છે. શહેરમાં વિવિધ પ્રોજેક્ટ પાછળ તાતિંગ ખર્ચ થાય છે. પરંતુ શિક્ષણ સંકુલના કામો બજેટની જોગવાઈના અભાવે અટવાતા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષણવિદોમાં પણ રોષની લાગણી વ્યાપી છે. સે-૨૬ માં

● અનુસંધાન પાન-૭ પર




**છવ્વીસમી વાર્ષિક પુણ્યતિથિએ**

**ભાવભીની શ્રદ્ધાંજલિ**

જીવન એવું જીવી ગયા કે,
કદી ભુલાય નહિ,
વિદાય એવી અણધારી લીધી કે
મૃત્યુ પણ રડી ઉઠ્યું.
આજે ૨૫ વર્ષ બાદ પણ આપની
સ્મૃતિ પળેપળ અમારી સાથે છે

આપનો પ્રેમાળ સ્વભાવ, કાર્યશૈલી,
પારિવારિક ભાવના અમને પ્રેરક બની રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

**સ્વ. કુંદનબેન બી. શુક્લ**
આસોવદ બીજ - સંવત-૨૦૫૨
સ્વર્ગવાસ : ૨૮ ઓક્ટોબર-૧૯૯૬

બી. એ. શુક્લ IAS (નિ.)
(પૂર્વ કલેક્ટર, ગાંધીનગર)
સ્વ. પં. રમણિકલાલ શુક્લ (મોટાભાઈ)
(સ્વાતંત્ર્ય સેનાની)
ડો. વિરાજ - દેવાંગ (મેનેજર, યુ.એસ.એ.)
ડો. કાનન - ડો. કલ્પેશ
પ્રો. સોનલ - ધવલ (સી.એસ.)
ભાવિન (એડવોકેટ)
આદિત્ય, અંબિકા, મૈત્રી, પવિત્રા, પ્રાંજલ,
શ્રીધા, તથા સમસ્ત પરિવાર

પદ્મશ્રી સ્વ. ડો. એચ. એલ. ત્રિવેદી
(પૂર્વ ડાયરેક્ટર - કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ)
ગં.સ્વ. સુનિતાબેન. એચ. ત્રિવેદી (વિદુષી)
સ્વ. હરિપ્રસાદ ત્રિવેદી, સ્વ. પદ્માબેન ત્રિવેદી
(પૂર્વ ડાયરેક્ટર, એગ્રી.)
સ્વ. સત્યકામ દવે (પૂર્વ ડેપ્યુટી કલેક્ટર)
સ્વ. સુશીલાબેન દવે (વિદુષી)
પ્રો. કાર્તિક ત્રિવેદી (યુ.એસ.એ.) (આર્ટીસ્ટ)
તથા સમસ્ત પરિવાર


## મહેસુલી પ્રક્રિયાનું સરળીકરણ કરતી ડબલ એન્જિન સરકાર

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સામાન્ય માનવીઓના હિતમાં મહેસૂલી નિયમોમાં અનેક નીતિ વિષયક સુધારા કર્યા છે.
- વહીવટી સુધારાત્મક અભિગમ સાથે મહેસૂલી પ્રક્રિયાના સરળીકરણને પ્રાથમિકતા મુખ્યમંત્રીશ્રીએ આપી છે.



- સખાવતી હેતુસર જમીન તબદીલી, ટ્રસ્ટને ફાળવેલ સરકારી જમીનના કિસ્સામાં સ્પષ્ટતા, રિવાઈઝ્ડ એન.એ. સમયે પુનઃઅભિપ્રાયમાંથી મુક્તિ, વારસાઈમાં પડતી તકલીફમાં નિવારણ, લીસ પેન્ડેન્સીના રજિસ્ટ્રેશન, જેવી મહત્વની બાબતો અંગેના નિયમોમાં સુધારા જેવા મહત્વપૂર્ણ નિર્ણયોનો આમાં સમાવેશ થાય છે.
- આ સુધારાને પરિણામે હવે ખેતીની જમીન જ્યારે સખાવતી હેતુસર કોઈ પણ સરકારી/અર્ધસરકારી/સ્થાનિક સ્વરાજની સંસ્થાને બિનઅવેજમાં ભેટ કરવામાં આવે ત્યારે પ્રવર્તમાન સ્ટેમ્પ ડ્યુટીના બદલે ફક્ત ૧૦૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી જ ભરવાની રહેશે એટલે કે સ્ટેમ્પ ડ્યુટીનું અગાઉ પડતું ભારણ હવે રહેશે નહીં.
- એટલું જ નહીં, ખેડૂત ખાતેદારના મૃત્યુ બાદ વારસાઈ વખતે દીકરીનાં સંતાનોને પણ જંત્રીના ૪.૯૦ ટકાની સ્ટેમ્પ ડ્યુટીના બદલે ફક્ત ૩૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ભરવાની રહેશે, તેવો નીતિવિષયક નિર્ણય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે.





- રાજ્ય સરકારે ટ્રસ્ટને ફાળવેલ સરકારી જમીનના કિસ્સામાં ટ્રસ્ટ એક્ટની કલમ-૩૬ તથા મહેસૂલ વિભાગ/સરકારની મંજૂરી જરૂરી છે તથા પ્રિમિયમ ભરવા પાત્ર છે, તે મુજબની સ્પષ્ટતા સરકારનું હિત જળવાય તે હેતુસર ગામ નં.૭માં કરવાનો નિર્ણય પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે
- નવી શરતની/સાંથણની/ગણોત ધારા હેઠળ પિતા-માતાને મળેલી અથવા વારસાઈ હક્કથી ધારણ કરેલી જમીન કે જેમાં માત્ર મોટાભાઈનું નામ ચાલતું હોય તેમનું અવસાન થવાના સંજોગોમાં મહેસૂલી રેકર્ડમાં કાયદેસરની કાર્યવાહી કરીને બાકી રહેતા ભાઈ/બહેનોનાં નામો પણ મહેસૂલી રેકર્ડમાં દાખલ કરવાનો ખેડૂતલક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. પારિવારિક વિવાદ કે અસમંજસતા આના પરિણામે દૂર થશે.
- મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસૂલી નિયમોમાં કરેલા નીતિવિષયક સુધારા અનુસાર હવે, એક હેતુ માટે બિનખેતી મળેલ હોય અને ત્યારબાદ અન્ય હેતુ માટે બિનખેતીની અરજી(રહેણાંકમાંથી વાણિજ્ય વગેરે) સમયે પ્રિમિયમ, ઝોનિંગ, જી.ડી.સી.આર., એન.એ. શરતભંગ સિવાય અન્ય કોઈપણ અભિપ્રાયો જરૂરી રહેશે નહી. ફક્ત જે તે રિવાઈઝ્ડ એન.એ.ના હેતુ માટેનો જ અભિપ્રાય જરૂરી રહેશે
- મુખ્યમંત્રીશ્રીએ તલાટી દ્વારા ગ્રામ્ય/શહેરી વિસ્તારનાં મકાન, ફ્લેટ, દુકાનો, ઓફિસોનાં પેઢીનામાં કરવા બાબતે લોકોને સરળતા કરી આપી છે
- વ્યક્તિનું અવસાન રહેણાંક/વતનના સ્થળ સિવાય અન્ય સ્થળે થાય ત્યારે મૃતકના સ્થાયી રહેઠાણ અથવા વતનના સ્થળના તલાટી દ્વારા પેઢીનામું બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત ખેતીની જમીન બિનખેતી થયા બાદ, પ્રોપર્ટી કાર્ડ ન બનેલ હોય તેવા કિસ્સામાં બિનખેતીનો હુકમ રજૂ કરીને પ્રોપર્ટી કાર્ડ બનાવવાનો અને તેમાં ઉત્તરોત્તર ફેરફાર નોંધ કરી શકાશે તેવો જનહિતલક્ષી નિર્ણય પણ તેમણે કર્યો છે



- મુખ્યમંત્રીશ્રીએ ખેતીની જમીનના હક્ક દાવા સંદર્ભે બિનજરૂરી ટાઈટલનો વિવાદ ટાળવા, આવા દાવા સંદર્ભે કોઈ સ્ટે-ઓર્ડર ન હોય ત્યારે, પડતર દાવા(લીસ પેન્ડેન્સી)ની નોંધ ગામ નમૂના-૭માં નોંધ ન કરવા અને સબરજિસ્ટ્રાર દ્વારા લીસ પેન્ડેન્સીનું રજિસ્ટ્રેશન ન કરવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત સિટી સર્વે રેકોર્ડ, હક્કચોક્કસી, પ્રમોલગેશન ક્ષતિ સુધારણાની મુદત, ૩૧/૧૨/૨૦૨૩ સુધી લંબાવવાનો નિર્ણય તેમણે કર્યો છે.
- મુખ્યમંત્રીશ્રીએ હિસ્સા માપણીના પેચીદા પ્રશ્નોનું નિરાકરણ લાવવા જમીનના પેટાવિભાગ અર્થાત્ હિસ્સા માપણીના કિસ્સામાં સહકબ્જેદારો વચ્ચે જ્યારે સહમતિ સધાતી ન હોય તેવા કિસ્સામાં હિત ધરાવતા પક્ષકારોને બે વખત દસ-દસ દિવસની નોટિસ આપ્યા બાદ પણ જો કોઈ પક્ષકાર સંમત ન થાય, તો સર્વે નંબરની હિસ્સામાપણી કરી આપવાનો નિર્ણય કર્યો છે.
- મુખ્યમંત્રીશ્રીએ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના સીમતળના વાડા નિયત કિંમત વસૂલીને નિયમિત કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય પણ કર્યો છે.
- આ નિર્ણયથી ગ્રામ્ય વિસ્તારના આશરે પાંચથી છ લાખ લોકોને તેમ જ શહેરી વિસ્તારના બહોળા વર્ગને મોટો લાભ થશે.
- મુખ્યમંત્રીશ્રીએ મહેસુલી સેવાઓમાં સુશાસનનો અભિગમ અપનાવતા અન્ય પણ બે મહત્વના નિર્ણયો કર્યા છે.
- તદઅનુસાર, ગણોતધારાની કલમ ૪૩/૬૩ ની મંજૂરી બાદ એન.એ બિનખેતી પરવાનગીની સમયમર્યાદા બે વર્ષથી વધારીને પાંચ વર્ષ તથા બિનખેતી ઉપયોગ કરવાની સમયમર્યાદા દૂર કરવાનો પ્રજાલક્ષી નિર્ણય શ્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે.
- આ ઉપરાંત ગણોત કાયદાની ૩૨ એમ હેઠળ ખરીદ કિંમત ભરવાની મર્યાદા તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધી લંબાવવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.
- આ આગવી પહેલથી જનસામાન્ય માટે મહેસૂલી સેવાઓ વધુ સુલભ બનશે અને ગુડ ગવર્નન્સની દિશામાં ગુજરાત વધુ અગ્રેસર બનશે

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com